# વર્ગદીઠ અનુદાન બાબતે સ્પષ્ટતા.

કમિશ્નર ઓફ સ્કૂલ્સની કચેરી, ક્રમાંક : પેન–૩–૯૯/૨૦૦૦
ગાંધીનગર, તા. ૨૮–૩–૨૦૦૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (તમામ)

**સંદર્ભ :** ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સંચાલક મંડળની તા. ૨૨–૧–૨૦૦૦ ની રજૂઆત ના અનુસંધાને.

ઉપરોક્ત વિષય બાબતે સંદર્ભના પતરથી થયેલ રજૂઆતના અનુસંધાને તા. ૭–૩–૯૯ ના રોજ માનનીય શિક્ષણમંત્રીના અધ્યક્ષસ્થાને એક મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં શિક્ષણ વિભાગના તા. ૨–૭–૯૯ ના ઠરાવ : બમશ–૧૧૯૯/૭૪૧ (૩)–ગ, ઠરાવ્યા મુજબ ૧ થી ૫ વર્ગ સુધીની શાળા માટે વર્ગદીઠ માસિક રૂા. ૧૮૦૦ (૨) ૮ થી ૩૦ વર્ગ સુધીન શાળા માટે વર્ગદીઠ માસિક રૂા. ૧૫૦૦ અને (૩) ૩૧ થી વધારે વર્ગની શાળામાં વર્ગદીઠ માસિક રૂ. ૧૦૦૦ નુ અનુદાન આપવાની જોગવાઈ છે.

ઉપરોક્ત બાબતે સ્પષ્ટતા કરતાં જણાવવાનું કે, દા.ત. એક શાળામાં કુલ છ વર્ગો હોય તો ૧ થી ૫ વર્ગો સુધી વર્ગદીઠ માસિક રૂ. ૧૮૦૦ અને બાકીના એક વર્ગ દીઠ માટે માસિક રૂ.૧૫૦૦ અનુદાન આપવાપાત્ર થાય છે.

(૨) ૧ થી ૩૫ વર્ગો હોય તો ૧ થી ૫ વર્ગ સુધી રૂ. ૧૮૦૦ લેખે રૂા. ૯૦૦૦ થાય : ૬ થી ૩૦ વર્ગો સધી વર્ગદીઠ રૂા. ૧૫૦૦ લેખે રૂા.૩૭,૫૦૦ અને ૩૦ વર્ગથી ઉપરના વર્ગો માટે વર્ગદીઠ રૂા.૧૦૦૦ લેખે રૂ. ૫૦૦૦ મળવાપાત્ર થાય. આમ ૧ થી ૩૫ વર્ગો ધરાવતી શાળાને માસિક રૂા. ૫૧,૫૦૦ ની ગ્રાન્ટ ચૂકવવાપાત્ર થાય છે. વધુમાં ગ્રાન્ટની નવી નિતિને ધ્યાનમાં લઈ ગ્રાન્ટ–ઈન–એઈડની કલમ ૯૦(૧) પ્રમાણે ગ્રાન્ટના હપ્તા ચૂકવવા કાર્યવાહી કરવી.

**સહી, જી.જે. રાવલ**
નાયબ શિક્ષણ નિયામક, ગાંધીનગર

..............................................................................................